# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

***************************************************

1) કેન્દ્રીય મંત્રી હરદીપ સિંઘ પુરીએ આતંકવાદ સામે આંતર-રાષ્ટ્રીય સમુદાયને એક થવા પર ભાર મૂક્યો
2) ગુજરાત સહિત ચાર રાજ્યની પાંચ વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણીનું પરિણામ જાહેર
3) ઇરાન અને ઇઝરાયેલ વચ્ચે સંઘર્ષને ઘટાડવા મૉસ્કોમાં કથિત રીતે ઉચ્ચ-.સ્તરનો સંવાદ ચાલી રહ્યો છે
4) ઈઝરાયેલી સેનાએ મધ્ય અને દક્ષિણ ભાગમાં હવાઈ હુમલાના સાયરન સક્રિય કર્યા
5) ગુજરાતના સુરતમાં આજે એક જ દિવસમાં આઠ ઈંચથી વધુ વરસાદ થતાં જનજીવન ખોરવાયું.

..............................................................

સમાચારને અંતે (સમાચાર પૂરા થયા આકાશવાણી પરથી )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PURI KANISHKA

પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંઘ પુરીએ આતંકવાદ સામે આંતર-રાષ્ટ્રીય સમુદાયને એક થવા પર ભાર મૂક્યો. આયર્લેન્ડના કૉર્કમાં આવેલા અહાકિસ્તામાં ઍર ઇન્ડિયા ફ્લાઈટ 182 કનિસ્ક બૉમ્બ વિસ્ફોટની 40-મી વરસી પર યોજાયેલા શ્રદ્ધાંજલિ સમારોહમાં શ્રી પૂરીએ કહ્યું, વિશ્વને આતંકવાદનો સામનો કરવા એક થવું પડશે.

શ્રી પૂરીએ 23 જૂન 1985ની એ દુર્ઘટનાને યાદ કરી, જ્યારે ઍર ઇન્ડિયા ફ્લાઈટ 182ને કેનેડા સ્થિત આતંકવાદીઓ દ્વારા લગાવાયેલા બૉમ્બથી હવામાં જ ઉડાડી દેવાયું હતું. આ દુર્ઘટનામાં 80થી વધુ બાળક સહિત 329 લોકોના મોત થયા હતા.

શ્રી પૂરીએ કહ્યું, આતંકવાદ આજે પણ વિશ્વમાં નિર્દોષ લોકોના જીવને જોખમ પહોંચાડી રહ્યું છે. તેમણે કહ્યું, ભારત દાયકાઓથી જમ્મુ-કાશ્મીરથી લઈ પંજાબ અને મુંબઈ સુધી આતંકવાદના કહેરનો સામનો કરી રહ્યું છે.

. . . . . . . . . . .

# BYE ELECTIONS

ગુજરાતની કડી અને વિસાવદર સહિત ચાર રાજ્યોની પાંચ વિધાનસભા બેઠક પરની પેટા-ચૂંટણીનું આજે પરિણામ જાહેર થયું. કડી

બેઠક પર ભાજપના રાજેન્દ્ર ચાવડા અને વિસાવદર બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઇટાલિયાનો વિજય થયો છે.

પરિણામ અંગે ભાજપના પ્રદેશ મહામંત્રી રજની પટેલે પ્રતિક્રિયા આપી.

**(બાઇટ: રજની પટેલ, ભાજપ મહામંત્રી)**

જ્યારે વિસાવદરના વિજેતા ઉમેદવાર ગોપાલ ઇટાલિયાએ પણ પ્રતિક્રિયા આપી.

**(બાઇટ: ગોપાલ ઇટલીયા, વિજેતા ઉમેદવાર)**

પશ્ચિમ બંગાળમાં કાલિગંજ બેઠક પર તૃણમૂલ કોંગ્રેસનાં ઉમેદવાર અલિફા અહમદનો વિજય થયો છે. જ્યારે કેરળની નિલામ્બુર વિધાનસભા બેઠક પર કોંગ્રેસના નેતૃત્વવાળી યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટનો વિજય થયો છે. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર આર્યદાન શૌકત 77 હજાર મતથી જીત્યા છે. તો પંજાબની લુધિયાણા પશ્ચિમ વિધાનસભા બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર સંજય અરોરાનો વિજય થયો છે.

. . . . . . . . . . .

# EC TRAINING

નવી દિલ્હીમાં ભારત આંતરરાષ્ટ્રીય લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થા ખાતે બૂથ સ્તરના અધિકારી-નિરીક્ષકોની તાલીમની 13મી બેચ આજે શરૂ થઈ.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે 379 સહભાગીઓને સંબોધન કરીને કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું. નવી દિલ્હીમાં ચૂંટણી પંચે ગત ત્રણ મહિનામાં પાંચ હજારથી વધુ બુથ લેવલ ઓફિસર - BLO નિરીક્ષકોને તાલીમ આપી છે. શ્રી કુમારે જણાવ્યું મતદાર યાદીની તૈયારી અને ચૂંટણીઓ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ મુજબ કડક રીતે હાથ ધરાય તે સુનિશ્ચિત કરવા આ તાલીમ કાર્યક્રમ જરૂરી છે. તેમણે ઉમેર્યું કોઈ પણ લોકશાહીમાં કાયદાથી વધુ પારદર્શક કંઈ હોઈ શકે નહીં અને ભારતમાં ચૂંટણીઓ કાયદા મુજબ યોજાય છે.

. . . . . . . . . . .

# PRESIDENT BOOK LAUNCH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના ઑગસ્ટ 2023થી જુલાઈ 2024 સુધીના સમયગાળામાં કરેલા સંબોધનને આવરી લેતા પુસ્તકનું વિમોચન કર્યું. પુસ્તકનું નામ “વિંગ્સ ટૂ અવર હૉપ્સ-વૉલ્યૂમ-ટૂ” છે.

આ પ્રસંગે શ્રી સિંઘે કહ્યું, પુસ્તકમાં સભ્યતાથી લઈ સંસ્કૃતિ, શિક્ષણથી લઈ આરોગ્ય સુધીના વિષય સામેલ છે. વર્તમાન સરકારનાં મહિલા નેતૃત્વવાળા વિકાસ દ્રષ્ટિકોણ પર પ્રકાશ પાડતાં તેમણે કહ્યું, ભારતે ઑપરેશન સિંદૂર હેઠળ ઐતિહાસિક કાર્યવાહી કરી, જેનાથી આતંકવાદીઓમાં ભયનો માહોલ સર્જાયો છે.

**(બાઈટઃ રાજનાથ સિંઘ, સંરક્ષણ મંત્રી)**

. . . . . . . . . . .

# PREZ ACCOUNTANT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, સમગ્ર વિશ્વ આબોહવા પરિવર્તનના જોખમનો સામનો કરી રહ્યું છે. તેમણે કહ્યું, સ્થિરતા હવે કોઈ સૂત્ર નહીં, પણ આવશ્યકતા બની ગઈ છે. નવી દીલ્હીમાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉસ્ટ ઍકાઉન્ટન્ટન્સ ઑફ ઇન્ડિયાના રાષ્ટ્રીય વિદ્યાર્થી પદવીદાન સમારોહને સંબોધતાં સુશ્રી મુર્મૂએ આ મુજબ જણાવ્યું. તેમણે કહ્યું, વિદ્યાર્થીઓ પોતાની કુશળતાથી આ ઉપગ્રહના ભવિષ્યમાં નોંધપાત્ર પરિવર્તન લાવી શકે છે.

રાષ્ટ્રપતિએ કહ્યું, આ સંસ્થા દેશના વિકાસમાં ભાગીદાર રહી છે. આ સંસ્થા કેન્દ્ર, રાજ્ય સરકાર અને વિવિધ સંગઠનો માટે નીતિ નિર્માતા આપવામાં પણ મહત્વની મદદ પૂરી પાડે છે.

. . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . .

# US IRAN TENSION

ઈઝરાયેલની સેનાએ ઈરાનથી મિસાઈલ હુમલાના જોખમને જોતા મધ્ય અને દક્ષિણ ઈઝરાયેલમાં હવાઈ હુમલાના સાયરન સક્રિય કરી દીધા છે. ઈરાનના પરમાણુ સ્થળ પર અમેરિકાના હવાઈ હુમલા બાદ પશ્ચિમ ઍશિયામાં વધતા તણાવ વચ્ચે આ નિર્ણય કરાયો છે.

ગત 10 દિવસમાં મધ્ય ઈઝરાયેલને ભારે નુકસાન થયું છે, જેમાં ઉત્તર બંદર શહેર હાઈફા પર પણ વારંવાર હુમલો કરાયો છે. બંને દેશ વચ્ચે ચાલતા સંઘર્ષે વ્યાપક ક્ષેત્રિય યુદ્ધની આશંકાની ઘણી હદે વધારી દીધા છે, જેનાથી નવી રીતે રાજદ્વારી પ્રયાસ શરૂ થઈ ગયા છે. જોખમને ઘટાડવા મૉસ્કોમાં કથિત રીતે ઉચ્ચ-સ્તરનો સંવાદ ચાલી રહ્યો છે.

દરમિયાન ચીને બંને દેશને દુશ્મનાવટ ઘટાડવા આહ્વાન કર્યું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને કહ્યું, ચીની પક્ષ સંઘર્ષમાં સામેલ પક્ષોને સ્થિતિને વણસતા રોકવા, યુદ્ધને ફેલાવવાથી બચવા અને રાજકીય સમાધાનના માર્ગે પરત ફરવા આગ્રહ કર્યો છે.

સ્પેનના વિદેશ મંત્રીએ યુરોપીયન સંઘથી ઈઝરાયેલ સાથે એક મહત્વના સહકાર સમજૂતીને રદ કરી. તેમજ હથિયારો પર પ્રતિબંધ લગાવવાનો વિચાર કરવા આગ્રહ કરવાની યોજનાની જાહેરાત પણ કરી.

તેમાં કહેવાયું છે કે, વધતી હિંસાના જવાબમાં યુરોપે સાહસ બતાવવું જોઈએ.

. . . . . . . . . . .

# IRAN ISRAEL CONFLICT

ઈઝરાયેલી સેનાએ ઈરાન પર નવા હવાઈ હુમલા કર્યાનો દાવો કર્યો છે. સેનાએ જણાવ્યું, આજે વહેલી સવારે ઈરાનથી છોડવામાં આવેલી મિસાઈલને રોક્યાના, થોડા સમય બાદ આ હુમલા કરાયા. ઈઝરાયેલે 15થી વધુ યુદ્ધ વિમાનની મદદથી ઈરાનના કરમનશાહ પ્રાન્તમાં સૈન્ય પાયાના ઢાંચાને નિશાન બનાવ્યું. તેમજ મિસાઈલ લૉન્ચર અને શસ્ત્ર રાખવાની જગ્યાઓ પર હુમલા કર્યા. ઈરાને પણ ઈઝરાયેલ પર મિસાઈલો અને ડ્રૉનથી હુમલા કર્યા, જેના કારણે ઘણા શહેરોમાં વિસ્ફોટના અવાજ સંભળાયા.

બીજી તરફ ઈરાનની સંસદે વિશ્વના સૌથી મહત્વના તેલ અને ગેસ શિપિંગ માર્ગોમાંથી એક હોરમૂઝ સામુદ્રધુનીને બંધ કરવાના પ્રસ્તાવને સર્વસંમતિથી મંજૂરી આપી છે. જોકે, અંતિમ પગલું ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિસદની મંજૂરીની રાહ જોઈ રહ્યું છે.

દરમિયાન અમેરિકી સૈન્ય અધિકારીઓએ સમગ્ર વિસ્તારમાં સેનાને હાઈ અલર્ટ પર રાખી છે. તો ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી આજે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન અને પ્રાદેશિક તેમજ આંતરરાષ્ટ્રીય વિકાસને લઈ અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરવા મોસ્કો પહોંચ્યા.

. . . . . . . . . . .

# SYRIA - SUICIDE BOMBING

સિરિયામાં એક ચર્ચમાં થયેલા આત્મઘાતી હુમલામાં ઓછામાં ઓછા 22 લોકોના મોત અને 63 લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, બે હુમલાખોરોએ ગઈકાલે દવિઈલા નજીક સૅન્ટ ઈલિયાસ ઑર્થોડોક્સ ચર્ચમાં ગોળીબાર કર્યો અને આત્મઘાતી બૉમ્બ વિસ્ફોટ કર્યો.

. . . . . . . . . . .

# GUJARAT RAIN

ગુજરાતમાં આજે સુરતના ઘણા વિસ્તારમાં ભારે વરસાદ નોંધાયો. તેના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ સર્જાઇ. શહેરમાં આજે આઠ ઇંચથી વધુ વરસાદ નોંધાયાના અહેવાલ છે. બીજી તરફ પાણી ભરાઈ જવાના કારણે માર્ગ પરિવહન અને સામાન્ય જનજીવનને અસર થઈ છે.

અગ્નિશમન દળે શાળા અને રહેણાક વિસ્તારોમાંથી 100થી વધુ લોકો અને બાળકોને સલામત રીતે બહાર કાઢ્યા હતા. દરમિયાન હવામાન વિભાગે આજે સમગ્ર રાજ્યમાં ભારે વરસાદની આગાહી પણ કરી છે. તેમજ માછીમારોને આગામી 27મી તારીખ સુધી દરિયો ન ખેડવા પણ

ચેતવણી આપી છે. હાલમાં રાજ્યમાં 15 બંધ હાઈ અલર્ટ અને 60થી વધુ માર્ગ બંધ કરાયાના પણ અહેવાલ છે.

. . . . . . . . . . .